R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી
દર શનિવારે
પ્રસિધ્ધ થતું
સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા .
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

YEAR-26 • ISSUE: 29 DATE:22-7-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## હિન્દુઓ માટે ગાય માતા સમાન છે પરંતુ ગાયની સુરક્ષાના નામે લોકોની હત્યા સામે આકરા પગલાં લેવા જોઇએ : ગૌરક્ષકો દ્વારા થતી હિંસા સામે આકરાં પગલાં લેવા રાજ્યોને વડાપ્રધાનની સુચના

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વારંવાર ચેતવણી છતાં દેશમાં ગાયોના નામે થતી માઝા મુકતી હિંસા સામે વિપક્ષને આશ્વાસન આપતાં તેમણે ફરી એકવાર કહ્યુ હતું કે ગૌરક્ષાને નામે થતી હિંસા સાંખી લેવાશે નહીં. વડાપ્રધાને આ મુદ્દાને રાજકીય કે કોમી રંગ આપનારાને ચેતવણી આપી છે.

સરકારે બોલાવેલી સર્વપક્ષીય બેઠક બાદ સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે પત્રકારોને આપેલી માહિતી મુજબ મોદીએ બેઠકમાં કહ્યુ હતું કે કાયદો અને વ્યવસ્થા રાજ્યોની જવાબદારી છે. ગૌરક્ષાને નામે કાયદાનું ઉલ્લંઘન કરી રહેલા તત્તવો સામે રાજ્ય સરકારોએ પગલાં ભરવા જોઈએ.આ સંદર્ભમાં રાજ્યોને એક એડવાઈઝરી પણ મોકલી અપાઇ છે.આવા તત્વો સામે કડક હાથે કામ લેવાની સુચના અપાઈ છે.

મોદીએ વિપક્ષને આડે હાથ લેતાં જણાવ્યુ હતું કે ગૌરક્ષાને નામે થતી હિંસાનો રાજકીય લાભ લેવાની હોડ પણ લાગી છે.પરંતુ તેનાથી દેશને કોઇ લાભ થવાનો નથી.દેશમાં ગૌરક્ષા માટે કાયદો છે પરંતુ કાયદો હાથમાં લેનારાને સાંખી લેવાશે નહીં. હિંદુઓ માટે ગાય માતા સમાન છે. પરંતુ



ગાયની રક્ષા માટે લોકોની હત્યા કરનારા સામે આકરાં પગલાં લેવા જોઇએ. વડાપ્રધાન મોદીએ જીએસટીના અમલ માટે બંધારણીય સુધારા અને તમામ રાજ્યોના સહકાર માટે બધી રાજકીય પાર્ટીનો આભાર માન્યો હતો.

દેશમાં ગૌરક્ષાના નામે થતી હિંસા સામે પહેલીવાર મૌન તોડતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યુ હતું કે અસામાજિક તત્વો ગૌરક્ષકો બની બેઠા છે.મોદીએ રાજ્ય સરકારોને કહેવાતા ગૌરક્ષકોની યાદી તૈયાર કરવાની સુચના આપતાં કહ્યુ હતું કે તેમાના ૮૦ ટકા ગેરકાયદે પ્રવૃત્તિમાં જોડાયેલા છે.

બીજી ચેતવણ તેમણે અમદાવાદ સાબરમતી આશ્રમનની મુલાકાતે આવેલા ત્યારે ગાયના નામે હિંસા આચરતા લોકોને ચેતવણી આપતાં કહ્યુ હતું કે દેશમાં કોઈને કાયદો હાથમાં લેવાની પરવાનગી હોતી નથી.ગૌરક્ષાના નામે લોકોની હત્યા સ્વીકાર્ય નથી.

જો કે વડાપ્રધાનો આપેલી ચેતવણીની કોઈ અસરો ગૌરક્ષકો સુધી પહોચી નથી કારણકે રાજ્યોમાં ગૌરક્ષકોને રાજકીય તથા પોલીસનું પીઠબળ મળેલું છે. કેટલાક



ગૌરક્ષકોના કહેવાતા સંગઠનોની અસામાજિક પ્રવૃતિઓ ઉપર સત્તા પર બેઠેલા લોકોના આંખ મિચામણાને કારણે કેટલીક હરકતો બનતી રહી છે.જાહેર રસ્તાઓ પર ગૌરક્ષકોના નામે અને ખાખી વર્દીમાં નકલી તત્વો ગૌમાંસની વાહનોમાં તપાસ કરતાં હોય છે અને પ્રજાને રંજાડતા હોય છે.પરંતુ પોલીસ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી.કારણકે મળતા ઉઘરાણાંમાં તેમની ભાગબટાઈ હોય છે. પરિણામે ગૌરક્ષકોની કેટલીક પ્રવૃત્તિઓ અસામાન્ય બની ગઈ છે.ગાયોની રક્ષા કરવી અલગ બાબત છે અને ગાયોના નામે તોડપાણી કરવા કે લોકોને રંજાડવા અલગ બાબત છે.રાજ્યોમાં નીચલા સ્તરે જ્યાં સુધી કાયદાનો અમલ નહી થાય ત્યાં સુધી વડાપ્રધાનની ચેતવણી ની કોઈ અસર દેખાશે નહીં.

## યોગી આદિત્યનાથને ન્યુયોર્ક ટાઇમ્સે આતંકવાદી સંગઠનના વડા ગણાવ્યા

અમેરિકાના ટોચના અખબાર ન્યુયોર્ક ટાઈમ્સે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને આતંકવાદી સંગઠન હિંદુ યુવા વાહિનીના વડા ઓળખાવ્યા છે.અહેવાલમાં લખાયું છે કેદેશની સૌથી મોટી વસ્તી ધરાવતા રાજ્યમાં એક એવા મહંતને શાસન સોપવામાં આવ્યુ છે જે પહેલેથી જ નફરત ભરેલા શબ્દો બોલે છે. અખબારની વેબસાઈટ પર હિંન્દુસ્તાનમાં એક ફાયરબ્રાન્ડ પુજારી રાજનીતિના પગથિયા ચડે છે. શિર્ષક હેઠળ એક આર્ટિકલ લખવામાં આવ્યો છે.જેમાં જણાવાયું છે કે યોગી આદિત્યનાથ મોટાભાગના લોકો યોગીજ કહીને સંબોધે છે.

અખબારે જણાવ્યુ છે કે યોગીની ઓળખ એક એવા પુજારી રુપે થાય છે જે હિંદુ સર્વોચ્ચ જાતિવાદી પરંપરા માટે કુખ્યાત છે.તેમણે મુસ્લીમ શાસકો દ્વારા ઈતિહાસમાં કરાયેલી ભુલોનો બદલો લો માટે યુવાનોની સેના હિંદુ યુવા વાહીની બનાવી છે.જેનો ઉદ્દેશ્ય બે પગવાળા જાનવર(મુસ્લીમ)ની ફસલ રોકવાનો છે. ચુંટણીની એક રેલીમાં તેમણે જણાવ્યુ હતુ કે અમે સહુ ધાર્મિક યુધ્ધની તૈયારી કરી રહ્યા છીએ.એમ પણ અહેવાલમાં લખવામાં આવ્યુ હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર દેશના વિકાસ એજન્ડાને બદલે હિદુત્વને મહત્વ આપે છે.તેમજ દેશના ૧૭ કરોડ મુસ્લીમ આર્થિક અને સામાજિક હાંસિયામાં ધકેલાઈ ગયા છે.એમ અહેવાલમાં જણાવાયું છે.

## યુપીની વિધાનસભા ભવનમાંથી મળેલા વિસ્ફોટક પદાર્થની તપાસમાં અંતે સુરસુરીયુ થયું

ઉત્તરપ્રદેશની વિધાનસભા ભવનમાંથી વિપક્ષી નેતાની બેઠક પાસેથી મળેલો પાવડર વિસ્ફોટક પાવડર હોવાનું મુખ્યમંત્રીશ્રી યોગીએ જણાવ્યુ હતું. આ પાવડર અત્યંત વિસ્ફોટક હોવાનુ અને તેનામાં વિધાનસભા ઘ્વંશ કરી શકાય તેવા પ્રકારની શક્તિ હોવાની વાત પણ જણાવાઈ હતી. છેવટે તેને યુપીની ફોરેન્સીક લેબમાં તપાસમાં મોકલવામાં આવતાં જે તથ્ય બહાર આવ્યુ હતું તે પ્રમાણે મળેલ પાવડરમાં કોઈપણ પ્રકારનો વિસ્ફોટક અણુ સામેલ નહોતો.હવે મુખ્યમંત્રીએ પત્રકાર પરિષદમાં જાતે જ આપેલી માહિતી અને એફએસએલનો રીપોર્ટ બેઉ એકબીજાથી વિપરિત છે. તેથી મુખ્યમંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ માહિતી કોના દ્વારા મુકવામાં આવી અને યોગીજીને સાચી માહિતી પુરી નહીં પાડવામાં આવનાર પરિબળોની તપાસ થવી જરુરી છે.

## રામદેવ સિક્યુરીટી ના નામે પરાક્રમ સુરક્ષા પ્રાઇવેટ લી.નામની કંપની શરુ કરી જે દેશભરમાં પોતાનું વિસ્તરણ કરશે

યોગગુરુ બાબા રામદેવે હવે સિક્યુરીટી બજારમાં પ્રવેશ કર્યો છે.રામદેવે હરિદ્વારા ખાતે પરાક્રમ સુરક્ષા પ્રા.લી.નામની ખાનગી સિક્યુરીટી કંપની શરુ કરી છે.પતંજલિના સુત્રોએ જણાવ્યુ હતું કે કંપનીએ પ્રશિક્ષણ માટે સૈન્ય અને પોલીસના નિવૃત્ત કર્મચારીઓને રાખ્યા છે.તેમણે નિવેદન આપતાં કહ્યુ હતું કે યુવાનોમાં દેશભાવનાનો સંચાર થાય અને તાલીમ પામેલાઓનો શારીરીક વિકાસ અને માનસિક વિકાસ થાય તેવું વાતાવરણ ઉભુ કરવા આ કંપનીની રચના કરવામાં આવી છે.લોકોમાં સુરક્ષાની ભાવના ભરવા અને દેશ રક્ષા માટે કામ કરવા માટે આ ંકપની શરુ થઈ છે.પરાક્રમ સુરક્ષા, આપકી સુરક્ષા ના સુત્ર સાથે કંપનીનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ છે.આ વર્ષના અંતભાગ સુધીમાં કંપની દેશભરમાં પોતની શાખા ધરાવતી થઈ જશે. નવી કંપની વિવિધ સંસ્થા અને કેન્દોને સુરક્ષા સેવા આપશે.કોર્પોરેટ સેકટર,ખાનગી કાર્યાલયો કે શોપીંગ મોલ્સ તેની સેવા લઈ શકશે. વિતેલા વર્ષોમાં ખાનગી સિક્યુરીટી સેવા મોરચે મોટી તેજી આવી છે. ફિક્કીના અભ્યાસ મુજબ હાલ આ ક્ષેત્રમાં રુપીયા ૪૦,૦૦૦કરોડનું બજાર ધરાવે છે.વર્ષ ૨૦૨૦માં તે બજાર રુ.૮૦,૦૦૦કરોડનું થઈ જવાની સંભાવના છે.જો કે મોટાભાગના સાધુઓ અને મઠાધિપતિઓ પોતાનુ શસ્ત્રબળ વાળુ લશ્કર ઉભુ કરતાં જાય છે.જો કે આ એક એવો જ વિચાર હોઈ શકે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

ગાય માતાના રક્ષકો દ્વારા દેશભરમાં ચાલી રહેલા હિંસક કાર્યક્રમોને કારણે વડાપ્રધાને ગંભીર ચેતવણી આપીને ગૌરક્ષકોને રુક જાવનો આદેશ તો જારી કર્યો પરંતુ તેનાથી ગૌરક્ષકોને કોઇ અસર થશે કે કેમ તે કહેવું અઘરુ છે.કારણકે આ સેના લોહી ચાખેલા વાઘની સ્થિતિમાં છે જે માણસખાઉ બની ગયા બાદ વાઘને કબજામાં લેવો અઘરો છે તેનું માત્ર નિકંદન જ ઉકેલ હોય છે.ખેર એ સરકારનો વિષય છે.પરંતુ આપણે જે વાત વિશે વિચાર કરવાના છે તે એ છે કે હાલમાં રખડતી ગાયોને કારણે થતાં અકસ્માતના મોત માટે કોણ જવાબદાર ગણાય. સરકારે આવા કેસમાં વળતર જાહેર કરવું જોઇએ કારણકે સરકાર વારંવાર ગાયમાતાના નામે પોતાનો પ્રેમ જાહેર કર્યો છે.

વરસાદના કારણે રસ્તા ઉપર બેસીને ટ્રાફિકને કનડગત કરવામાં ગાયનો મહત્વનો રોલ છે. ગૌરક્ષકો તેમાં શું કરી શકે તે માટે પ્રચાર માધ્યમોએ અને સરકારે ખાસ રોલ ભજવવાનો છે. ગાયમાતાને મારી નાંખવા કે કત્લ કરવા માટે જે પ્રકારના કડક કાયદા છે તે પ્રમાણેના કાયદાઓ ગાયોને પાળનારા લોકો માટે હોવા જોઇએ અને જેઓ તેમની પુરી માવજત કરી ના શકતા હોય અને તેનો માત્ર નફો કરવા માટે જ ઉપયોગ કરવાનો હોય તો તેમના માટે કડક કાયદા હોવા જરુરી છે.જેથી રખડતી મુકેલી ગાયો માટે તેમના માલિકોને જવાબદાર ઠેરવીને તેમને કડક સજાની જોગવાઇ કરવી જોઇએ. દરેક પાળતું પ્રાણીના કંઠે તેના માલિકના નામ,સરનામા અને ફોન નંબરનુ એલ્યુમીનીયમનું એમ્બોસ કરેલ કાર્ડ લગાવેલ હોવું જોઇએ જેથી રસ્તા ઉપર ગંદકી કરતી કે અડચણ કરતાં પશુઓ માટે તાત્કાલિક પગલાં લઇ માલિકો ઉપર કાયદા દ્વારા કડકાઇ કરવી જોઇએ.

ગૌશાળાઓની સ્થિતિ બાબતે જોઇએ તો વારંવાર પ્રસિધ્ધ થતાં સમાચારો મુજબ ગૌશાળાની ગંદકી અને ભુખમરાને કારણે ગાયોના મોત નિપજે છે.હાલમાં આંધ્ર પ્રદેશમાં પુર્વ ગોદાવરી જિલ્લામાં એકગૌશાળામાં મર્યાદા કરતાં વધારે ગાયો રખાતાં ન્યુમોનિયા અને ભુખમરાને કારણે ૪૬ ગાયોના મોત નિપજ્યા હતા.આજ પ્રમાણે હરિયાણામાં થોડાક સમય પહેલા આવી અનેક ગાયો મોતને ભેટી હતી.આ મોત કુદરતી મોત નહોતા પરંતુ ગાયોને મોતના મુખમાં ધકેલવામાં આવી હતી.તો દેશમાં ફાટી નિકળેલા ગૌરક્ષકોના મંડળો શું કરે છે તે વિચારવું રહ્યું.માત્ર ગૌમાંસની શંકાને આધારે કે કત્લ કરવા લઇ જઇ રહેલા લોકોની ઉપર શંકા થવાને કારણે તેમને મોતના ઘાટ ઉતારી દેતા ગૌરક્ષકો માટે આ અકુદરતી રીતે મોત પામતી ગાયો માટે કશું નહી કરવાની લાગણી પેદા થતી નથી ?

દેશના તમામ રાજ્યોના ગૌરક્ષકોના મંડળોએ તેમના રાજ્યમાં આવેલી ગૌશાળાઓની વારંવાર મુલાકાત લઇ ત્યાની સ્થિતિ અંગે ગૌશાળાના સંચાલકોની તપાસ કરવી જોઇએ.કારણકે સવાલ અકુદરતી રીતે મોત પામતી ગાયમાતાની જીંદગીનો સવાલ છે.જાહેર રસ્તાઓ ઉપર ચોકી કરવા ઉભા રહીને લોકોને હેરાનગતિ કરવા કરતાં ગૌશાળામાં ગાયમાતાની કાળજીમાં મદદરુપ થવું તે તેમના માટે અગત્યનું છે.હા,ગૌશાળામાં ગાયમાતાની સેવા કે કાળજી લેવામાં તેમને કોઇપણ જાતનો આર્થિક ફાયદો થવાનો નથી જે આર્થિક ફાયદો તેમને હાઇવે પરની નાકાબંધીમાંથી મળે છે.પોલીસે સજાગ બનીને કાયદાનો દુરપયોગ કરનાર સાથે સખ્ત કાર્યવાહી કરે તે જરુરી છે.

# ઐતિહાસિક અમદાવાદ ભારતનું એકમાત્ર હેરીટેજ સીટી બન્યું

ભવ્ય ઐતિહાસિક શહેર તરીકે નામના ધરાવતા અમદાવાદ શહેરને યુનેસ્કોની યાદીમાં વર્લ્ડ હેરીટેજ સીટીની યાદીમાં પસંદગી કરવામાં આવી છે.અમદાવાદ ભારતનું પહેલું એવું શહેર હશે કે જેનો આ યાદીમાં સમાવેશ કરાયો છે.કોટ વિસ્તારની અંદરના અમદાવાદને આ સન્માન પ્રાપ્ત થયું છે.અમદાવાદનો પ્રસ્તાવ આ વિસ્તારની અંદર આવેલી ૨૬ જગ્યાઓને ધ્યાનમાં લઇને મુકવામાં આવ્યો હતો. પોલેન્ડના ક્રકોવ શહેર ખાતે યુનેસ્કોની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. આ યાદીમાં અમદાવાદ શહેરનું નામ ઉમેરાતાં શહેરની બ્રાન્ડ વેલ્યુ વધશે.સાથે સાથે પર્યટનમાં પણ વધારો થશે.શહેરના વારસાને દુનિયાએ બીરદાવ્યો હોય તેવું આ સન્માન છે.

ઉપરાંત અમદાવાદના સ્થાપત્યોમાં જોવા મળતી ભાત આખા ભારતમાં જુદી છે.અહીયા સ્થાપત્યોમાં જૈન,હિંદુ અને ઇસ્લામિક સંસ્કૃતિનો સુમેળ જોવા મળે છે. આ પ્રકારના સ્થાપત્યો આખા ભારતમાં ક્યાંય જોવા મળતાં નથી. અહમદશાહના કાળથી અમદાવાદ ની એક વ્યાપારી શહેર તરીકે દુનિયાભરમાં નામના હતી.પરંતુ સાથે સાથે તેના સ્થાપત્યો પણ એટલાં જ સુંદર અને નોખાં છે.બીજું કે કોટ વિસ્તારમાં અનેક જાતિ અને ધર્મના લોકો રહે છે.અમદાવાદની પોળો અને તેના મકાનોની બાંધણીઓને પણ શહેરના હેરિટેજ તરીકે જોવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરને હેરિટેજનો દરજ્જો મળે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો ફાળો મહત્વનો છે.તેમની સુચના અને પ્રયાસોથી અમદાવાદને વર્લ્ડ હેરીટેજ સીટી તરીકે યુનેસ્કોમાંથી માન્યતા પ્રાપ્ત થઇ છે.આ માટે કેન્દ્ર,રાજ્ય અને મ્યુની.દ્વારા ક્વાયત હાથ ધરવામાં આવી હતી.મ્યુની. દ્વારા નિષ્ણાંતોની મદદથી શહેરના પ્રાચીન વારસા સહિતની વિગતો દર્શાવતું ડોઝીયર તૈયાર કરી રરાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલય થકી યુનેસ્કોમાં રજુ કરવામાં આવ્યું હતું.

પોલેન્ડ ખાતેના સત્રમાં ભારતની ટીમ સાથે ઉપસ્થિત યુનેસ્કો ખાતેના ભારતના પ્રતિનિધિ રુચિરા ખંભોજે આ જાહેરાત બાદ પોતાના સંબોધનમાં કહ્યુ હતું કે આ દિશામાં શરુઆત ત્યારે થઇ હતી જ્યારે ૨૦૧૦માં વડાપ્રધાન મોદીએ અમદાવાદનો પ્રસ્તાવ યુનેસ્કોને મોકલ્યો હતો.અમદાવાદ ભારતીય વારસાની સ્વયં અભિવ્યક્તિ છે. અમદાવાદ છસો વર્ષ શાંતિનું પ્રતિક રહ્યુ છે.અહીયા મહાત્મા ગાંધીએ ભારતના સ્વાતંત્ર સંગ્રામનો પ્રારંભ કર્યો હતો.

અમદાવાદ શહેરની સ્થાપના માટે વહેતી લોકવાયકા પ્રમાણે 'જબ કુત્તેપે સસ્સા આયા તો અહેમદશાહ બાદશાહને યહ શહેર બસાયા'ઇ.સ.૧૪૧૧માં અહેમદશાહ બાદશાહે વસાવેલા આ શહેરને લગભગ ૬૦૬ વર્ષ થયાં.આ જ અમદાવાદને કાપડનું માનચેસ્ટર પણ કહેવામાં આવતું હતું.શહેરમાં ૭૦થી વધુ કાપડની મીલો ધમધમતી હતી.અમદાવાદમાં શાહજહાંથી માંડીને લુઇ કાહન,લા કાર્બુત્ઝેની સર્જનકળા સોળે કળાએ ખીલી ઉઠી છે. અમદાવાદની ઉત્કૃષ્ટ હવેલીઓ,કલાત્મક ચબુતરાઓ, લાક્ષણિક પોળો, એક અનોખી ભાત ઉપસાવે છે.સરખેજનો રોજો અમદાવાદને એક્રોપોલીસની ઉપમા અપાવે છે.રાણી સીપ્રીની મસ્જીદ નકશા અને કામગીરીની દર્ષ્ટિએ શહેરનુ સુંદર રત્ન બને છે. તો સીદી સૈયદની જાળી બારીક કોતરણીનો બેજોડ નમુનો છે.આ જાળીમાં દર્શાવેલ વૃક્ષ જાહોજલાલીનું પ્રતીક છે.આ ગુજરાતની પવિત્ર ભુમિની સાંસ્કૃતિક રાજધાની અમદાવાદમાં જૈન,મુસ્લીમ,પારસી,જરથોસ્ત,ખ્રિસ્તી અને હિન્દુ સંસ્કૃતિનો સુભગ સમન્વય થયો છે ત્યારે કળા સંસ્કૃત્તિના પ્રતિક સમાન આ વર્લ્ડ હેરીટેજ સીટીના વારસાને જાળવવાની જવાબદારી આપણા સહુની છે.ભદ્રના કિલ્લામાં છેલ્લા ૬૦૬ વર્ષથી શ્રધ્ધાનો દિપક અવિરતપણ જલતો રહે છે તે પણ એક અદ્ભુત બાબત છે.

કોટ વિસ્તારનું અમદાવાદ અને કોટ બહારનું અમદાવાદ બે અલગ અલગ તારી શકાય તેમ છે.કોટ અંદરનું અમદાવાદ હેરીટેજ સીટી છે જ્યારે કોટ બહારનો વિસ્તાર હવે તો કોક્રીટ જંગલોમાં પરિવર્તીત થતો વિકાસ દેખાય છે.સાબરમતી નદી ઉપર રિવર ફ્રંન્ટને કારણે લોકો માટે એક આકર્ષણનું નજરાણું બન્યું છે તેમા લેશમાત્ર શંકા નથી. ખેર,અમદાવાદને વર્લ્ડ હેરીટેજ સીટી તરીકે માન્યતા મળે માટે વડાપ્રધાન મોદીને લાખ લાખ અભિનંદન આપીએ તો ઓછા પડે !

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઇપરાઇટરનો ઉપયોગ કર્યો હતો.
નાઇલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઇ ધરાવે છે.
જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.
વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઇ હતી.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# રોજગારલક્ષી અભિગમ ધરાવતી ગુજરાત સરકાર યુવાઓની ક્ષમતાના વિકાસનો દૃઢ નિર્ધાર

## NAMO e-TAB

## New Avenues of Modern Education through Tablets

## યુવાઓને માત્ર રૂ.૧૦૦૦ની ટોકન કિંમતે રૂ.૮૦૦૦ની કિંમતનું ટેબલેટ

**ટેબલેટ યોજનાનો લાભ લેવાની આ અમુલ્ય તક ગુમાવશો નહિં આજે જ આપની કોલેજ/સંસ્થાનો સંપર્ક કરો**

★ વર્ષ ૨૦૧૭માં ધો.૧૨ પાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે કોલેજ અને પોલીટેકનીકમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને મળશે ટેબલેટ

★ચાલુ શૈક્ષણિક વર્ષમાં વધુ 3,૫૦,૦૦૦ વિદ્યાર્થી ભાઇ-બહેનોને ટેબલેટયોજનાનો લાભ મળશે.

★રૂ.૨૦૦ કરોડ ખર્ચાશે.

## ગુજરાતનો યુવાવર્ગ આંગળીના ટેરવે વિશ્વ સાથે જોડાશે

**અદ્યતન માહિતીથી અપડેટ થઇ**

## બુધ્ધિ અને કૌશલ્યનો ડંકો વગાડશે



શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત

## યુવાઓના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે



શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી,ગુજરાત

શ્રી નીતિનભાઇ પટેલ,
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

પારદર્શક સરકાર સંવેદનશીલ સરકાર નિર્ણાયક સરકાર પ્રગતિશીલ સરકાર

# ધોરણ-૯ના પુસ્તકમાં ઇસુને હેવાન દર્શાવતી ભુલ બદલ ચાર વ્યક્તિઓને કારણદર્શક નોટીસ અપાઇ

ધોરણ-૯ના હિન્દીના પુસ્તકમાં હેવાન ઈસુ શબ્દને લઈને ભારે વિવાદ ઉભો થયો હતો અને તેને લઈને પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા તપાસ માટે એક કમિટિની રચના કરવામાં આવી હતી.આ કમિટી દ્વારા ચાર જેટલા લોકોને કારણદર્શક નોટીસ ફટકારી છે. અને હવે કમિટી દ્વારા તેમના નિવેદનો લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.આ ચારેય લોકોના નિવેદનો લેવામાં આવ્યા બાદ જે પણ કસુરવાર જણાશે તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવાશે તેવું સુત્રો દ્વારા જણાવાયુ હતું.ઘટના બની ત્યારે સમગ્ર મામલો પ્રુફ રીડર પર ઢોળી દેવામા આવ્યો હતો. પરંતુ હાલમાં કમિટી દ્વારા તપાસ શરુ કરીને ચારને કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધોરણ-૯ના હિન્દીના પુસ્તકમાં ઈસુને હેવાન તરી લખવામાં આવતાં ભારે વિવાદ થયો હતો આ ઘટનાને પગલે ખ્રિસ્તી સમાજના લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. અને તેમણે આ મુદ્દે પોતાનો વિરોધ કરીને પુસ્તકો પરત ખેચવાની માંગણી કરી હતી. જોકે પુસ્તકો સ્કુલોમાં પહોચી ગયા હતા તેથી પરત ખેચવાની શક્યતા નથી. પરંતુ તે શબ્દ પુરતો સુધારો કરી સ્કુલોને જાણ કરી દેવામાં આવી હતી. જેમા હેવાન ઈસુના બદલે પુસ્તક મંડળ દ્વારા ભગવાન ઈસુ શબ્દ લખવામાં આવ્યો હતો. આ ઘટનામાં સૌ પ્રથમ પ્રુફ રીડરની ભુલ માની તેને દોષી ગણવામાં આવ્યો હતો.

જો કે પ્રુફ રીડર તો જે અસલમાં લખેલું છે તે પ્રમાણે છે કે નહી તેટલું જોવાની દરકાર કરતા હોય છે.તેથી આ ભુલ પ્રુફ રીડરની હોઈ શકે નહી.પરંતુ જેમણે આ પુસ્તક તૈયાર કરવાની જવાબદારી અપાઈ હોય તેમની રહે છે.આ પાઠ તૈયાર કરનારની ભુમિકા અને તેમની તમામ માનસિકબાબતોનો અભ્યાસ કરી તેમની વિચારધારામાં આ શબ્દ કેવી રીતે ગોઠવાયો તેની તપાસ થવી જરુરી છે.

# જાતિના બનાવટી પ્રમાણપત્રોને આધારે નોકરી-એડમીશનને ગેરકાયદેસર ઠેરવતી સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચુકાદો આપતાં કહ્યુ હતુંકે રોજગાર અને નોકરી મેળવવા માટે જાતિના બનાવટી પ્રમાણપત્રનો ઉપયોગ કરનાર તેની ડીગ્રી અને નોકરી ગુમાવશે.તે ઉપરાંત તેમને સજા પણ કરાશે.નોકરીના કિસ્સામાં સુપ્રીમે જણાવ્યુ હતું કે સજા આપતી વખતે ધ્યાનમાં લેવાશે નહીં કે તે વ્યક્તિ કેટલા લાંબા સમયથી નોકરી કરી રહી છે.જો કોઈ વ્યકિત જાતિના બનાવટી પ્રમાણપત્રના આધારે ૨૦ વર્ષથી પણ નોકરી કરીત હોય તો પણ તે નોકરી ગુમાવશે અને સજા મળશે.તેના પર કોઈ પ્રકારની દયા દર્શાવવામાં નહીં આવે. સુપ્રીમે જણાવ્યુ હતું કે જાતિનાં બનાવટી પ્રમાણપત્ર દ્વારા અનામત કેટેગરીમાં મેળવેલી સરકારી નોકરી અથવા તો એડમિશન કાયદાની દષ્ટિએ માન્ય ગણી શકાય નહીં અથવા કાયદાની નજરમાં ટકી શકે નહીં.

અગાઉ બોમ્બે હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યુ હતું કે જો કોઈ વ્યક્તિ લાંબા સમયથી નોકરી કરતી હોય અને પાછળથી તેના બનાવટી પ્રમાણપત્ર અંગે જાણકારી મળે તો તેને નોકરીમાં ચાલુ રહેવાની પરવાનગી આપી શકાય. મુખ્યન્યાયમુર્તિ જે.એસ.ખેહર અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે બોમ્બે હાઈકોર્ટના અવલોકનો નકારી કાઢ્યા હતાબોમ્બે હાઈકોર્ટના ચુકાદા સામે મહારાષ્ટ્ર સરકાર સહિત અન્યો દ્વારા દાખલ કરાયેલી અરજીઓની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો.જો કે અદાલતે જણાવ્યુ હતું કે ચુકાદો પાછલી અસરથી અમલી નહીં બને પરંતુ હવે પછીના કિસ્સામાં આ ચુકાદાનો અમલ થશે. ગયા મહિને કેન્દ્ર સરકારે જણાવ્યુ હતું કે બનાવટી પ્રમાણપત્રના આધારે નોકરી મેળવનાર લોકોને હાંકી કઢાશે.કેન્દ્ર સરકારે તમામ વિભાગોને તેમના વિવિધ સંસ્થાનો દ્વારા થયેલી નિયુક્તિની આ પ્રકારની વિગતો એકઠી કરવાનો આદેશ આપ્યો હતો.

# અમદાવાદના ૫૪લાખ નાગરિકોએ આધારકાર્ડ કઢાવીને વિક્રમ સ્થાપ્યો

રાજ્ય સરકાર,કેન્દ્ર સરકાર તમામ વિભાગો ઉપરાંત રેલવે અને બન્કો સાથેના તમામ વ્યવહારો માટે અને કામકાજ માટે આધારકાર્ડ ફરજીયાત બનાવાયા છે.એ આધારકાર્ડની નોંધણીની આખરી મુદતને આડે હવે માત્ર ત્રણ માસ એટલે કે ૩૦મી સપ્ટે.૨૦૧૭ સુધીનો જ સમય બાકી રહ્યો છે.ત્યારે આજ સુધીમાં અમદાવાદ શહેરના કુલ ૫૭લાખ ૩૯ હજાર નાગરિકો પૈકી ૫૪ લાખ ૧૦ હજાર એટલે કે ૯૫ ટકા નાગરિકોએ આધારકાર્ડ કઢાવીને વિક્રમ સ્થાપ્યો છે.એટલું જ નહીં બાકીના પાંચ ટકાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.દેખીતી રીતે જ આ આધારકાર્ડની નોંધણીની કામગીરી અમદાવાદ મ્યુની.કોર્પો. દ્વારા કરવામાં આવી રહી છે અને એ માટે મ્યુ.કોરપો. દ્વારા ખાસ કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. આધાર કાર્ડ નોધણીનો હવાલો સંભાળતા મ્યુની.પ્લાનિંગ વિભાગના વડા પથિકભાઈ શાહે કહ્યુ હતું કે બાકીના પાંચ ટકા નાગરિકોમાં ૦થી ૫ વર્ષની વયના ત્રણ લાખ બાળકો અને પાંચથી અઢાર વર્ષની વયના એશી હજાર જેટલા બાળકો વત્તા યુવાનોનો સમાવેશ થાય છે. આ માટે મ્યુની. અને સરકારી શાળાઓ,ઉપરાંત ગ્રાન્ટેડ હાઈસ્કુલોમાં તથા સોસા.કોલોનીઓ અને પોળ ચાલીઓમાં કેમ્પ યોજવામાં આવી રહ્યા છે.જો કોઈ સંસ્થા ત્રીસથી વધુ બાળકો એકઠા કરીને આધાર કાર્ડની નોધણી માટે અમારા કર્મચારીઓને બોલાવે તો કર્મચારીઓ જે તે સ્થળે જઈને આધારકાર્ડની નોધણીની કામગીરી કરે છે.૩૦મી સપ્ટે. સુધી આ કામગીરી ચાલશે.મુદ્દત વધવાની કોઈ શક્યતાઓ નથી.

# કાપડ ઉધ્યોગની હડતાલ સમેટાઇ ગઇ

જીએસટીના મુદ્દે ગુજરાતના સમગ્ર કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા નાના મોટા વેપારીઓ હડતાલ પાડીને સરકાર સામે શસ્ત્ર ઉગામ્યુ હતું. પરંતુ લાંબા ગાળાની હડતાલને કારણે કાપડ ઊધ્યોગને કરોડો રુપીયાનું નુકશાન પહોચ્યુ છે.છેલ્લે સરકારને મળવા દિલ્હી પહોચેલા પ્રતિનિધિ મંડળને સરકારના કોઈપણ ક્ષેત્રે પદાધિકારીઓ કે નેતાઓએ મળવાની તસ્દી લીધી નહિ અને પરિણામે હડતાલના મુદ્દે વેપારી મંડળ નાસાપાસ થયું અને હડતાલ સમેટી લીધી અને ભવિષ્યમાં તેના માટે યોગ્ય વિચારણા કરવામાં આવશે તેવા નિર્ણય સાથે ફરીથી કામે લાગી જવાનો નિર્ણય કરી લેવાયો છે. સરકારે કોઈ પણ પ્રકારને નમતુ જોખવાનું ટાળ્યુ હતું.

## જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.
ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.
વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.
દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.
ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.
વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.
દક્ષિણ અમેરીકામાં મળી આવતું બિર્ટન પક્ષી વાઘની માફક અવાજ કાઢે છે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.